Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# પરિપત્ર

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગોના વડાશ્રી, યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા અનુસ્નાતક કેન્દ્રના આચાર્યશ્રી અને સ્વનિર્ભર અનુસ્નાતક અભ્યાસનું સંચાલન કરતા આચાર્યશ્રીને આથી જણાવવાનું કે, સિન્ડિકેટની તા.૦૧/૦૪/૨૦૧૭ની સભાના નીચે મુજબના ઠરાવ ક્રમાંકઃ(૧૭) થી વિવિધ વિદ્યાશાખાના અનુસ્નાતક ડિગ્રી / ડિપ્લોમાં અભ્યાસક્રમમાં લઘુત્તમ પ્રવેશપાત્રતા ધરાવનાર રાજ્ય સરકાર આયોજીત સપ્તધારા સ્પર્ધામાં વિજેતાના પ્રમાણપત્ર ધરાવનારને તથા રાજ્ય કક્ષાની સ્પર્ધામાં વિજેતા (પ્રથમ/દ્વિતિય/તૃતિય) ને જ ૨% વધુ વેઈટેજ આપી મેરીટ યાદીમાં પ્રવેશના હેતુસર સમાવેશ કરવા નિયત કરેલ હોય જે અનુસાર પ્રવેશની કાર્યવાહી હેતુ જણાવવામાં આવે છે.

: : આથી ઠરાવવામાં આવે છે કે, વિવિધ વિદ્યાશાખાના અનુસ્નાતક અભ્યાસક્રમોમાં લઘુત્તમ પ્રવેશપાત્રતા (૪૫%) ધરાવતા અરજીકર્તા ઉમેદવારોને રાજ્ય સરકાર આયોજીત સપ્તધારા સ્પર્ધામાં વિજેતાના પ્રમાણપત્ર ધરાવનારને તથા રાજ્ય કક્ષાની સ્પર્ધામાં વિજેતા (પ્રથમ/દ્વિતિય/તૃતિય) ને જ ૨% વધુ વેઈટેજ આપી મેરીટ યાદીમાં પ્રવેશના હેતુસર સમાવેશ કરવાની જોગવાઈ સિન્ડિકેટની તા.૫/૦૨/૨૦૧૩ની સભાના ઠરાવ ક્રમાંક (૪૦) અન્વયે મંજૂર કરેલ હોય જે મુજબનો લાભ વિજ્ઞાન વિદ્યાશાખામાં અને કોમર્સ વિદ્યાશાખામાં ડિપ્લોમાં વિષયમાં / અનુસ્નાતક ડિપ્લોમાં / ડિગ્રી અભ્યાસમાં લઘુત્તમ પ્રવેશપાત્રતા ૪૦% હોય તે સહિતના તમામ વિદ્યાશાખાના અનુસ્નાતક ડિગ્રી / ડિપ્લોમાં અભ્યાસક્રમમાં યુનિવર્સિટી દ્વારા નિર્ધારિત કરેલ લઘુત્તમ પ્રવેશપાત્રતા ધરાવનારને લાગુ પાડવા અંગેનો સ્વીકાર કરવો. : :

ક્રમાંકઃ પી.જી./ પ્રવેશ/૬૨૮૫/૨૦૧૭
તા.૧૨/૦૪/૨૦૧૭

ઈ.ચા. કુલસચિવ

પ્રતિ,

(૧) યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગના તમામ વડાશ્રીઓ...
(૨) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રી/પ્રોફેસર ઈનચાર્જશ્રી, યુનિવર્સિટી સ્વનિર્ભર અનુસ્નાતક અભ્યાસનું સંચાલન કરતી કોલેજોના આચાર્યશ્રી
(૩) ઈ.ચા. નાયબ કુલસચિવશ્રી, એકેડેમિક વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી , સુરત.
(૪) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી , સુરત.
(૫) ઈ.ચા. મુખ્ય હિસાબી અધિકારીશ્રી, હિસાબી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી , સુરત.

.........જરૂરી ઘટિત કાર્યવાહી સારું.